ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટી, સુરતનું મુખપત્ર

# વહોરા સમાચાર

## બાળકોના વિકાસ માટે

૭૮ મું વાર્ષિક અધિવેશન અંક ૨૦૨૬

આપણાં બાળકોના વિકાસ માટે આપણે વધારે પડતો ઉત્સાહ બતાવીએ છીએ. એ ત્રણ વર્ષનું થાય એ પહેલાં તો આપણે તેના જીવનને, આપણે માની લીધેલી સારી સારી ચીજોથી ભરી દઇએ છીએ અને તેના ફુરસદના બાળપણને બાલમંદિરના કકળાટથી ભરી દઇએ છીએ. બાળક ચબરાક બનતું હોય તેમ લાગે છે. આપણે ખુશ થઇ જઇએ છીએ અને તરત તેને એકાદ ખર્ચાળ અંગ્રેજી કે ગુજરાતી સ્કુલમાં દાખલ કરી દઇએ છીએ. સ્કુલના કલાકો પછી પણ તે બરાબર પ્રવૃત્તિમય રહે તેનો આપણે ખ્યાલ રાખીએ છીએ. તેના પોતાના માટે વિચારવાની એક પણ તક આપણે રહેવા દેતા નથી.

સારા કુંટુંબમાં આવી રીતે વર્તવાની એક ફેશન થઇ ગઇ છે. પોતાના પુત્ર કે પુત્રી વિશે તેઓ ગર્વપૂર્વક વાત કરે છે. સવારમાં તેને ટયુશનમાં જવાનું હોય છે કે કરાટેના કલાસીસ અને સાંજે સંગીત શીખે છે કે નૃત્યના કલાસીસ અટેન્ડ કરે છે. બેબી કૂકિંગ કલાસીસમાં પણ જાય છે. ટૂંકમાં, એક પળ પણ તેને ફુરસદ આપવામાં આવતી નથી.

ખલીલ જિબ્રાનને અહીં યાદ કરવા જેવા છે. તેમણે લખ્યું છે કે, તમારાં બાળકો તમારી સોડમાં રહે છે, પરંતુ તે તમારું અંગ નથી. તમે તેમને તમારો પ્રેમ ભલે આપો, પરંતુ તમારી કલ્પનાઓ (ખ્યાલો) આપશો નહીં, કારણ કે તેમને તેમની પોતાની કલ્પનાઓ હોય છે.

● મસ્ત મંગેરા

શાબાન ૧૪૪૭ | ફેબ્રુઆરી - ૨૦૨૬ | તંત્રીઃ મસ્ત મંગેરા

www.ssvmes.org www.vohratimes.org
vohrasociety@gmail.com
vohrasamachar@gmail.com vohrasamachar@yahoo.com

## નમ્ર અપીલ

કૌમની માયએનાઝ એકમાત્ર આપણી શૈક્ષણિક સંસ્થા ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટી, સુરત છેલ્લાં ૭૮ વર્ષથી કૌમની વિવિધ ક્ષેત્રે સતત સેવા કરી રહી છે.

**એની મદદ લઇ હજારો લોકો દેશ - વિદેશમાં સેટલ થયા છે**

**સેંકડો વિધવાઓનો એ સહારો છે,સેંકડો બિમારોની શિફાનો ઝરીયો છે.**

કૌમના દુરંદેશ સખી વજુદોએ સ્થાપેલી આપણી સોસાયટી દિવસે દિવસે વધુ ને વધુ મદદ કરી રહી છે. અલ્હમદોલીલ્લાહ આ વર્ષે રૂા.૨,૯૮,૯૮,૩૫૧/- ની મદદ વિવિધ ક્ષેત્રે કરી છે. છેલ્લા બે વર્ષમાં સોસાયટીએ નીચે પ્રમાણેની વિગતે રૂા.૬,૩૨,૭૦,૭૩૧/- ની મદદ કરી છે.

| વિભાગ | વર્ષ : ૨૦૨૪- ૨૦૨૫ | | વર્ષ : ૨૦૨૫- ૨૦૨૬ (૩૧-૦૧-૨૦૨૬ સુધી) | |
|---|---|---|---|---|
| | લાભાર્થીઓની સંખ્યા | રકમ | લાભાર્થીઓની સંખ્યા | રકમ |
| પ્રાથમિક સ્કોલરશીપ ધો.૧ થી ૮ | ૧૧૨૬ | ૩૦,૭૮,૮૫૦ | ૧૦૬૩ | ૩૨,૩૪,૪૦૦ |
| સ્કુલ સ્કોલરશીપ ધો.૯ થી ૧૦ | ૩૨૭ | ૧૬,૫૦,૦૫૦ | ૩૨૩ | ૧૫,૯૮,૮૦૦ |
| હા.સેકન્ડરી | ૨૪૨ | ૨૬,૩૪,૭૫૦ | ૨૫૭ | ૨૫,૨૯,૦૦૦ |
| કોલેજ સ્કોલરશીપ | ૫૭૪ | ૧,૬૫,૬૫,૧૫૦ | ૪૮૭ | ૧,૨૭,૩૫,૫૦૦ |
| સ્કોલરશીપ દિનીયાત વિભાગ | ૧૩ | ૨૫,૦૦૦ | ૧૮ | ૩૩,૦૦૦ |
| ડ્રાઇવીંગ - ટેલરીંગ -ટેકનિકલ | ૦૯ | ૮૪,૦૦૦ | ૦૧ | ૬,૦૦૦ |
| તબિબિ સહાય | ૨૧ | ૨,૩૦,૫૮૦ | ૧૨ | ૨,૧૭,૬૫૧ |
| બેવાફંડ સહાય | ૧૧૩૮ | ૯૧,૦૪,૦૦૦ | ૧૧૯૩ | ૯૫,૪૪,૦૦૦ |
| ટોટલ | ૩૪૫૦ | ૩,૩૩,૭૨,૩૮૦ | ૩૩૫૪ | ૨,૯૮,૯૮,૩૫૧ |

આપ જાણોજ છો કે વરસો વરસ શિક્ષણ વધુ ને વધુ મોંઘુ અને ખુબ જ ખર્ચાળ થઇ રહયું છે આપણા વિદ્યાર્થીઓ પણ ઉચ્ચ શિક્ષણ ડૉકટર, એન્જીનીયર, ફાર્મસી, નર્સીંગ વિગેરે તરફ વધુ પ્રમાણમાં જઇ રહયા છે. ત્યારે આપણા સખી સદ્ગૃહસ્થોની એ ફરજ થઇ પડે છે કે

**(૧) આપણો વિદ્યાર્થી નાણાંના અભાવે શિક્ષણથી વંચિત ન રહી જાય (૨) આપણો બિમાર નાણાંના અભાવે સારવારથી વંચિત ન રહી જાય (૩) આપણી બેવાઓ મદદથી વંચિત ન રહી જાય.**

જેથી આપ સાહેબ આવી રહેલા રમઝાન મુબારક માસમાં આપણી વહોરા એજયુકેશન સોસાયટીને લીલ્લાહ, ઝકાત, સદકા વિગેરેની આપની તથા આપના સગા વહાલા, દોસ્ત-બિરાદરો પાસેથી વધુને વધુ મદદ આપી અપાવી આભારી કરશો તથા આપણી સોસાયટી સંચાલિત કોસંબા ખાતેની એ.વાય. દાદાભાઇ ટેકનીકલ ઇન્સ્ટીટયુટ, કોંઢ ખાતેની એસ.એમ.બદાત રેસી.સ્કુલ તથા અલ-ફલાહ ગર્લ્સ હોસ્ટેલ, ખોલવડને પણ જરૂરથી યાદ કરી શકય હોય એટલી વધુ ને વધુ મદદ આપી-અપાવી સવાબે દારૈન હાસીલ કરો.

અલ્લાહ તઆલા આપને હલાલ અને બરકતવાળી રોઝી આપે તથા બન્ને જહાંનમાં એનો બહેતરીન બદલો આપે. આમીન.

**દેશ (ઇન્ડિયા) માંથી દાન આપવા માટે નીચે મુજબના સોસાયટીના બેંક ખાતામાં મદદ મોકલી શકો છો.**

**THE SURATEE SUNNI VOHRA MUSLIM EDUCATION SOCIETY**

**NAME OF BANK : UNION BANK OF INDIA**

**ACCOUNT NO. : 311301010030025**

**IFS CODE : UBIN0531138**

**ADDRESS : STATION ROAD BRANCH, SURAT**

## વહોરા સમાચાર

■ **હદીષ**

જીસ ઘર કા તાર મસ્જીદ સે જુડ જાએ,

વહ ઘર કભી વીરાન નહીં હોતા.

■ **સુવિચાર**

સારા કામ કરતા રહો ભલે લોકો તમારા વખાણ ના કરે,

કેમ કે અડધાથી વધુ દુનિયા ઉંઘતી હોય છતાં

**અંક : ૦૨**

**માસ : ફેબ્રુઆરી - ૨૦૨૬**

**માહે : શાબાન ૧૪૪૭**

**તંત્રી : મસ્ત મંગેરા**

## ■ ચિંતા છોડો

એક ભાઇને કચરામાંથી મૂલ્યવાન હીરો મળી આવ્યો. એ હીરો વેચીને વૈભવ માણવાને બદલે, જીવનભર બીજા હીરાની શોધમાં કચરો જ ફેંદતો રહયો..!

---

જીવનમાં પણ આવું જ છે...!!

જીવનનો આનંદ લેવો હોય તો...

જે નથી એની ચિંતા છોડો

જે છે એનો આનંદ લો...!!

## ■ તંત્રી સ્થાનેથી...!

આપણી મહામૂલી સોસાયટીના ૭૮ વર્ષ પુરા થયા છે. અલ્લાહપાક નો લાખ લાખ શુક્ર અદા કરીએ. કોઇ સારા સમયે સોસાયટીની સ્થાપનાનો વિચાર આવ્યો. સમાજના મહાનુભવો સૌ સાથે રહી વળગી પડયા અને સંસ્થાની શરૂઆત ઇ.સ.૧૯૪૭ માં કરી. ભારત આઝાદ થયું તે જ વર્ષે - જે આજ પર્યંત કાર્યરત છે. અને અલ્લાહરબ્બુલ ઇઝઝતથી દુઆ માંગીએ કે વર્ષોના વર્ષો સુધી કાયમ રહે, જીવંત રહે, મારા જેવા લાભ લેનારને આ સંસ્થાનો લાભ મળ્યો એ મારા માટે ગૌરવની વાત છે. ઇ.સ. ૧૯૪૮ થી આ સંસ્થા સાથે સંકળાવાનો / જોડાવાનો લાભ મળ્યો તે મારા માટે અત્યંત મહત્ત્વની વાત છે. આપણા સમાજના મહત્ત્વના મોટા મોટા વડીલો સાથે મળી બેસવાનો તેમને સાંભળવાનો મને જે લાભ મળ્યો છે તેનું વર્ણન કરતાં અનહદ આનંદ થાય છે. આજે મારા ૯૩ વર્ષના જીવનને સંસ્થાને વળગી રહેવાનો આનંદ અને તે પણ થોડો નહીં ઘણો બધો આનંદ થાય છે. તેનો મને ગર્વ છે. સંસ્થા સદા જીવંત રહે તેવી દિલી દુઆ સાથે...

**- મસ્ત મંગેરા (કાંગવઇ)**

E-mail : mastamangerakangwai@yahoo.com
Mob : 9426771991

તંત્રી,મુદ્રક અને પ્રકાશક :- અહમદ ઇબ્રાહીમ મંગેરા ('મસ્ત' મંગેરા) મુદ્રણ સ્થાન:- નટરાજ પ્રિન્ટર્સ,ઇન્દરપુરા આંબાવાડી,સુરત
પ્રકાશન:- વહોરા સમાચાર,કાર્યાલય સ્થળ :- સુફીબાગ,રેલ્વે સ્ટેશન સામે,સુરત- ૩૯૫ ૦૦૩ માલિક :-ધી સુ.સુ.વ.મુ.એ.સોસાયટી-સુરત.

# ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટી, સુરતનું ૭૮ મું વાર્ષિક અધિવેશન

**તા.૧૦-૦૧-૨૦૨૬** **સ્થળ:- કોસંબા**

બિસ્મીહી તઆલા

આપણી સોસાયટીનું ૭૮ મું વાર્ષિક અધિવેશન તા.૧૦-૦૧-૨૦૨૬ ના **શનિવારના** રોજ સવારે **૧૦:૩૦** કલાકે આપણી એ.વાય.દાદાભાઇ ટેકનીકલ ઇન્સ્ટીટયુટ, કોસંબા ખાતે સંસ્થાના પ્રમુખ **જનાબ મહમદ મેહમુદ ભાણાપટેલ સા.** ના પ્રમુખપણા હેઠળ રાખવામાં આવ્યું હતું. જેમાં સોસાયટીના પેટ્રન, વાઇસ પેટ્રન, લાઇફ મેમ્બર, કમિટી સભ્યો, ગામે ગામના પ્રતિનિઘીઓ અને આગેવાનો, મેડલ તથા રોકડ પુરસ્કાર લેનાર વિધાર્થી- વિધાર્થીનીઓ અને એમના વાલીઓ, ઉલમાએ કિરામ તેમજ પરદેશથી પધારેલા મહેમાનો ઉપસ્થિત રહયા હતા.

સૌ પ્રથમ અધિવેશનની શરૂઆત **મૌલાના મોઇન ઝીયાઉદ્દીન કાઝી સા.** ની કિરાઅતથી કરવામાં આવી હતી.

**ત્યારબાદ** સોસાયટીના પ્રમુખ **જ. મહમદ મેહમુદ ભાણાપટેલ સાહેબે** એ કહયું કે સોસાયટીના ૭૮ માં વાર્ષિક અધિવેશનમાં પરદેશથી પધારેલા મહેમાનો, પ્રમુખ, સેક્રેટરી, ટ્રેઝરર, ગામેગામથી પધારેલા મહેમાનો, કાર્યકરો, અગ્રણીઓ,સોસાયટીના કમિટી સભ્યો,સોસાયટીના પેટ્રન,વાઇસ પેટ્રન,લાઇફ મેમ્બર,વિધાર્થી-વિધાર્થીનીઓ તથા ગામે ગામથી પધારેલા સોસાયટીના પ્રતિનિધીઓ જેઓ વર્ષોથી સોસાયટી માટે ચંદો કરે છે એ તમામનું સ્વાગત કરતા ખુશીની લાગણી અનુભવુ છું. આજે ૭૮ માં અધિવેશનમાં આપણે લાંબી મજલ કાપી છે. સોસાયટી શરૂ થઇ ત્યારે વડવાઓનો મકસદ આપણા દીની-દુન્યવી શિક્ષણ પ્રાપ્ત કરતા વિધાર્થીઓને મદદ કરવાનો હતો. આજે સ્કોલરશીપ,તબિબિ સહાય, બેવાફંડ,સ્કુલ, હોસ્ટેલ અને એ.વાય.દાદાભાઇ ટેકનીકલ ઇન્સ્ટીટયુટ શરૂ કરીને તમામને ઘણી મોટી મદદ કરી રહયા છીએ. આપણી કોલેજ વિશે ડાયરેકટર હનીફભાઇ રીપોર્ટ આપશે.

**ત્યારબાદ** દેશ-પરદેશથી પધારેલા મહેમાનોનો પરિચય આપતા સોસાયટીના ચેરમેન **જ. સલીમભાઇ એફ. પટેલ સા.** એ જણાવ્યું કે સોસાયટીના ૭૮ માં વાર્ષિક અધિવેશનમાં પરદેશથી પધારેલા મહેમાનોમાં **હાજી મોહંમદ કાસીમ સબાત સા.** એઓ દીવા ગામના વતની છે અને હાલ લેસ્ટર - યુ.કે. ખાતે સ્થાઇ છે. આપણી સોસાયટીના ખુબ જુના અને મોટા દાનવીર છે. આપણી એ.વાય.દાદાભાઇ કોલેજમાં ઇલેકટ્રીકલ ડીપાર્ટમેન્ટ તથા ક્રિકેટ ગ્રાઉન્ડ એમના નામથી ચાલે છે. સોસાયટીને જયારે પણ દાનની જરૂર પડે ત્યારે એમના તરફથી પુરો સહકાર મળે છે. ચાલુ વરસે પણ આપણી કોલેજની નવી BCA બિલ્ડીંગ માટે ઘણું મોટું દાન આપ્યું છે. **હાજી અહમદ ઇસ્માઇલ વાવડા સા.** એઓ કઠોરના વતની છે અને હાલ લંડન - યુ.કે. ખાતે સ્થાઇ છે અને આપણી સોસાયટી માટે રમઝાન મુબારક માસમાં બેવાફંડ માટે નિસ્વાર્થ ચંદો ઉઘરાવી સારી એવી રકમ મોકલે છે. **હાજી યુસુફ કાસમ મેમાન સા.** એઓ માંગરોલના વતની છે અને હાલ લેસ્ટર - યુ.કે. ખાતે સ્થાઇ છે અને આપણી સોસાયટી માટે રમઝાન મુબારક માસમાં નિઃ સ્વાર્થ ચંદો ઉઘરાવી સારી એવી રકમ મોકલે છે. **હાજી મોહંમદ સુલેમાન મહેતા સા.** એઓ કોસમડીના વતની છે અને હાલ કેનેડા ખાતે સ્થાઇ છે અને આપણી સોસાયટી માટે છેલ્લા ઘણા વર્ષોથી રમઝાન મુબારક માસમાં નિઃ સ્વાર્થ ચંદો ઉઘરાવી સારી એવી રકમ મોકલે છે.આ સિવાય પરદેશથી પધારેલા બીજા મહેમાનો પણ આપણી સોસાયટીને વરસો વરસ મદદ કરતા રહે છે. તે હાજર રહેલા મહેમાનોના નામો નીચે મુજબ છે.

## પરદેશથી પધારેલા મહેમાનો

| | | | | | |
|---|---|---|---|---|---|
| જ. મોહંમદઅલી એચ. દરસોત સા. | સંજાલી | કેનેડા | જ. ગુલામભાઇ મંગેરા સા. | ડુંગરી | યુ.કે. |
| જ. શૌકતભાઇ દરસોત સા. | સંજાલી | કેનેડા | જ. રશીદભાઇ મહેતા સા. | કોસમડી | યુ.કે. |
| જ. જાકીરભાઇ પટેલ | સંજાલી | કેનેડા | જ. મોહંમદભાઇ પીરભાઇ સા. | બારડોલી | યુ.કે. |
| જ. આરીફ મોહંમદ નાખુદા સા. | રાંદેર | અમેરિકા | જ. હાજી બાબુ કાસીમ પાંચભાયા સા. | બૌધાણ | કેનેડા |
| જ. યુસુફ દાવજી પટેલ સા. | કોંઢ | યુ.કે. | જ. મોહમદ યુસુફ પટેલ સા. | સરૈયા | યુ.કે. |

ત્યારબાદ પરદેશથી પધારેલા તમામ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત સોસાયટીના ઓન.જન.સેક્રેટરી જ. સઇદભાઇ દરસોત સા. તથા ટ્રેઝરર જ.ઇકબાલભાઇ ઉનીયા સા. એ કર્યું હતુ.

ત્યારબાદ દેશ-પરદેશના સોસાયટીના હિતેચ્છુઓ અને દાતાઓ આજે અધિવેશનમાં આવી શકયા ન હતા, પરંતુ તેમણે સોસાયટીને યાદ રાખીને આજના અધિવેશન માટે શુભેચ્છા સંદેશા મોકલ્યા હતા, જેનું વાંચન જ.યુસુફ ઇશાકજી પટેલ સાહેબ (સાવાવાલા) એ કર્યું હતું.

## સોસાયટીની મિટીંગની સફળતા ઇચ્છતા દેશ-વિદેશથી આવેલા સંદેશાઓ

| | | | |
|---|---|---|---|
| ડૉ. યાકુબ મોહંમદ ગંગાત સા. | યુ.એસ.એ. | જ. મોહંમદઅલી ચામડીયા સા. | કેનેડા |
| જ. મોહંમદ આઇ. પટેલ સા. | યુ.એસ.એ. | જ. સઇદભાઇ બોધાણીયા સા. | કેનેડા |
| જ. રસીદ સુલેમાન ઉમરજી સા. | યુ.એસ.એ. | જ. શબ્બીરભાઇ મોતાલા સા. | કેનેડા |
| જ. હાજી યાકુબભાઇ કારા સા. | યુ.કે. | જ. ઇલ્યાસભાઇ ફેન્સી સા. | કેનેડા |
| જ. મોહંમદ અહમદ દાદાભાઇ સા. | કેનેડા | જ. ફારૂક અહમદ રઝાકાઝી સા. | કેનેડા |
| જ. યુસુફભાઇ લીંબાડા સા. એન્ડ બ્રધર્સ | ઓસ્ટ્રેલીયા | જ. હાસીમ દાવુદ બોબાત સા. | જર્મની |
| જ. અબ્દુલહૈયભાઇ પટેલ સા. | કેનેડા | જ. સિદ્દીક દાવુદ બોબાત સા. | યુ.કે. |
| જ. અઝીઝ સુલેમાન ઉનીયા સા. | યુ.કે. | જ. યુસુફ એમ. સીદાત સા. | યુ.કે. |
| જ. ઐયુબભાઇ પાંચભાયા સા. | કેનેડા | જ. ફૈઝાન અ.રહમાન દાવજી સા. | યુ.કે. |
| જ. મુહમ્મદ યુસુફ વડીયા સા. | કેનેડા | જ. યુસુફ અ.રહમાન દાવજી સા. | યુ.કે. |
| ડૉ. મુસાજી ડી.એમ. લોખાત સા. | યુ.કે. | જ. ફૈસલ અહમદ પટેલ સા. | દિલ્લી |
| જ. અલી આઝમ ઇસ્માઇલ સા. | યુ.કે. | જ. મીયાં મહમદ મુસા બાસર સા. | આલીપોર |
| જ. સલીમ હસનજી પટેલ સા. | યુ.કે. | જ. યુસુફ ઇસ્માઇલ મોતાલા સા. | કેનેડા |
| જ. અલી યુસુફ ટીલી સા. | યુ.કે. | જ. મોહમદ યાકુબ પટેલ સા. (જે.પી.) | સા.આફ્રીકા |
| જ. મોહંમદભાઇ પાંડોર સા. (જીતાલીવાલા) | યુ.કે. | જ. ઇસ્માઇલભાઇ દીનદાર સા. | ખોલવડ |
| જ. ઇદ્રીસભાઇ ભૈયાત સા. | કેનેડા | જ. ઇબ્રાહીમ સાજીભાઇ મેમાન સા. | માંગરોલ |
| જ. સાજીદ યુસુફ પાંચભાયા સા. | કેનેડા | જ. સોયબભાઇ હાફેજી સા. | એકલેરા |
| જ. જુનેદ મોહંમદ મહેતા સા. | કેનેડા | જ. આદમ ઇબ્રાહીમ પાંચભાયા સા. | દઢાલ |
| જ. યાકુબભાઇ પટેલ સા.(કારપેટવાલા) | યુ.કે. | જ. મેહમુદ હૈદર વોરાજી સા. | મોટાવરાછા |
| જ. સુલેમાન અહમદ દાદાભાઇ સા. | યુ.કે. | જ. અ. સમદભાઇ બલેસરીયા સા. (પાલાવાલા) | નવાપુર |
| જ. ઐયુબ વહોરા બાંગી સા. | કેનેડા | જ. અ.સમદ મહમદ અમેજી સા. | ઇટાળવા |
| જ. શબ્બીરભાઇ મહેતા સા. | કેનેડા | જ. અહમદભાઇ ઉનીયા સા. | વડોદરા |
| જ. સોયબભાઇ ઘરૈયા સા. | કેનેડા | જ. મુસાભાઇ ભાઇમીયા સા. | વરીયાવ |

ત્યારબાદ સોસાયટી સંચાલિત એ.વાય.દાદાભાઇ ટેકનીકલ ઇન્સ્ટીટયુટ, કોસંબાના ડાયરેકટર જ. મો. હનીફભાઇ દાલચાવલ સાહેબે ૨૦૨૫ ના વર્ષનો કોલેજનો વાર્ષિક રીપોર્ટ રજૂ કર્યો હતો અને સંસ્થા શરૂ થવાને ૧૭ વર્ષ સફળતા પૂર્વક પુરા થયાનો રીપોર્ટ રજૂ કર્યો હતો.

# સંસ્થાનો પ્રોગ્રેસ રિપોર્ટ ૨૦૨૫

અસ્સલામુ અલયકુમ વ.વ.

ધી સુરતી સુન્ની વહોરા મુસ્લીમ એજ્યુકેશન સોસાયટી, સુરત દ્વારા સંચાલિત એ.વાય.દાદાભાઇ ટેકનીકલ ઇન્સ્ટીટયુટ, કોસંબા એ ૨૦૦૮ શરૂ કરી ૨૦૨૫ માં પોતાના ૧૭ વર્ષ સફળતા પૂર્વક પૂર્ણ કર્યા, આજ દિન સુધી ૩૦૦૦ થી વધુ વિધાર્થી / વિધાર્થીનીઓએ ડીપ્લોમા એન્જીનયરીંગ ની પદવી મેળવી પોતાનું કેરીયર બનાવ્યું. તેમાંથી કેટલાક વિધાર્થી / વિધાર્થીનીઓ ડીગ્રી એન્જીનીયરીંગમાં પ્રવેશ મેળવી એન્જીનીયરીંગની ડીગ્રી મેળવી, જ્યારે કેટલાક વિધાર્થી / વિધાર્થીનીઓએ ડાયરેકટ ડીપ્લોમા પછી જોબ શરૂ કરી.

**Result Analysis :-** ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સીટી દ્વારા જુન-૨૦૨૫ માં લેવાયેલ પરીક્ષામાં ફાઇનલ (છઠ્ઠા) સેમેસ્ટરનું રીઝલ્ટ ૯૦.૩૨ ટકા હતું અને પર્સન્ટેજના આધારે સમગ્ર સાઉથ ગુજરાતમાં ત્રીજો ક્રમ અને **SPI** આધારે સાઉથ ગુજરાતમાં પ્રથમ ક્રમ અને સમગ્ર ગુજરાતમાં ૧૦ મો ક્રમ રહયો. આ રીતે ડિપ્લોમા એન્જીનીયરીંગમાં સાઉથ ગુજરાતમાં આપણી સંસ્થાએ ટેકનીકલ એજ્યુકેશનમાં શ્રેષ્ઠ સ્થાન જાળવી રાખ્યું છે.

સાથે જ બીજા સેમેસ્ટરની પરીક્ષામાં સમગ્ર ગુજરાતમાં ઇલેકટ્રીકલ વિભાગનો વિધાર્થી મલેક તોસીફ ઇદ્રીસ ૯.૭૦ **SPI** સાથે ચોથા નંબરે અને મીકેનીકલ વિભાગનો વિધાર્થી પરમાર પ્રિતમ વિજયકુમાર નવમાં નંબરે સફળ થયો હતો.

**NBA Accreditation :-** સને ૨૦૨૨ માં આપણી સંસ્થાને **National Board of Accreditation (Govrment of india)** દ્વારા સંસ્થાના તમામ વિભાગોને ૨૦૨૨ થી જુન ૨૦૨૫ માટે એક્રેડીટેશન નું સ્ટેટસ મળ્યું હતું. આ પ્રકારનું સ્ટેટસ ગુજરાતની સેલ્ફ ફાઇનાન્સ કોલેજોમાં ઘણી જ ઓછી કોલેજોને મળ્યું હતું. જુન ૨૦૨૫ માં ત્રણ વર્ષ પુરા થતા ફરી **Re Accreditation** માટે વર્ષની શરૂઆતમાં અરજી કરી હતી તેના આધારે **NBA Expert Team** દ્વારા ઇન્સ્પેકશન તા.૧૨ જુલાઇ ૨૦૨૫ ના રોજ કરવામાં આવ્યું હતું અને તેના આધારે ૨૯ જુલાઇ ૨૦૨૫ ના રોજ સંસ્થાને જુન ૨૦૨૮ સુધીનું **NBA Accreditation** નું સર્ટીફીકેટ મળ્યું છે.

**Admission 2025 :-** સને ૨૦૨૫ માં પણ એન્જીનીયરીંગ કોલેજોમાં ૪૦ થી ૫૦ ટકા બેઠકો ખાલી રહી. એ.વાય.દાદાભાઇ ટેકનીકલ ઇન્સ્ટીટયુટમાં એડમીશન બીજી કોલેજોની સરખામણીમાં ઘણું સારૂ રહયું.

**કુલ પ્રવેશ = ૨૬૧ પ્રથમ વર્ષમાં, ૨૭ બીજા વર્ષમાં = ૨૮૮ ટોટલ**

આ એડમીશનમાં કુલ ૧૭૦ મુસ્લીમ વિધાર્થી અને ૨૫ મુસ્લીમ વિધાર્થીનીઓ છે (આશરે ૭૪ ટકા)

**Bus Transportation Facility :-** સંસ્થાની ત્રણ બસો સુરત, અંકલેશ્વર અને નજીકના ગામોથી વિધાર્થીઓને લાવવા-લઇ જવામાં કાર્યરત છે.

**Campus Interview :-** ૨૦૨૫ માં પણ ૧૩ નાની-મોટી કંપનીઓ દ્વારા સંસ્થામાંથી સફળ થયેલ વિધાર્થીઓ માટે સંસ્થાના ટ્રેઇનીંગ એન્ડ પ્લેસમેન્ટ સેલ દ્વારા કેમ્પસ ઇન્ટરવ્યુનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૫૫ વિધાર્થીઓએ ભાગ લીધો હતો અને ૩૫ વિધાર્થીઓ સિલેકટ થયા હતા. આ વર્ષે સંસ્થામાંથી સફળ થનાર ૨૪ વિધાર્થી / વિધાર્થીનીઓએ વધુ અભ્યાસ અર્થે ડીગ્રી કોલેજોમાં પ્રવેશ મેળવ્યો હતો.

**Industry Collaboration :-** સુરત ખાતે આવેલ **SOPAN Industries** દ્વારા સંસ્થાના મીકેનીકલ ખાતામાં નવી ટેકનોલોજીના અભ્યાસમાં **3D Printer** નું નવુ મોડેલ ભેટમાં મળ્યું હતું અને તે માટે **SOPAN Industries** તરફથી સ્ટાફને બે દિવસની પ્રેકટીકલ ટ્રેઇનીંગ પણ આપવામાં આવી હતી.

તેવી જ રીતે ઇલેકટ્રીકલ વિભાગમાં એક **Automation Laboratories** વિકસાવામાં આવી જે માટેનો ખર્ચ આપણી સોસાયટી તરફથી આપવામાં આવ્યો હતો. આ લેબની ઇલેકટ્રીકલના વિધાર્થીઓ માટે ઇન્ડસ્ટ્રીઝમાં વપરાતી નવી ટેકનોલોજીની જાણકારી તથા પ્રેકટીકલનો અનુભવ મળશે.

**Sports Week :-** દર વર્ષની જેમ આ વર્ષે તા.૨૩-૦૧-૨૦૨૫ થી તા. ૩૧-૦૧-૨૦૨૫ સુધી વિવિધ

રમતો માટેનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં ૪૦૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ વર્ષે વિદ્યાર્થીઓની માંગને અનુસરી ફુટબોલની રમતનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. વિજેતાઓને ટ્રોફી અને મેડલ એનાયત કરવમાં આવ્યા હતા.

**Faculty Development Program :-** ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સીટીના પરિપત્ર મુજબ આ વર્ષના અંત સુધીમાં તમામ સ્ટાફે **AI (Artificial Intelligence)** ની ટ્રેઇનીંગ લેવા માટે જણાવવામાં આવ્યું હતું, તે મુજબ આપણી સંસ્થામાંથી તમામ સ્ટાફે આ ટ્રેઇનીંગ સફળતા પૂર્વક પૂર્ણ કરી છે.

**Career Guidance & Award Distribution Program :-** તા.૧૪-૦૬-૨૦૨૫ ના રોજ સંસ્થા ખાતે **SSC** ૨૦૨૫ માં સફળ થનાર દક્ષિણ ગુજરાતના વિદ્યાર્થીઓના મળેલ રીઝલ્ટના આધારે પ્રથમ ૧૦૦ વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓને સંસ્થા તરફથી મેડલ્સ/ એવોર્ડસ આપવામાં આવ્યા હતા અને સાથે કારકિર્દી માર્ગદર્શનનો પ્રોગ્રામ પણ રાખવામાં આવ્યો હતો.

**BOG Meeting :-** **AICTE** ની ગાઇડલાઇન્સ મુજબ સંસ્થામાં બનાવવામાં આવેલ **Board of Governors** ની એક મિટીંગ તા. ૩૦-૦૮-૨૦૨૫ ના રોજ બોલાવવામાં આવી હતી, દર વર્ષની જેમ વિદ્યાર્થીઓ માટે જુદા-જુદા વિષયમાં **Expert Lectures, Industrial Visits, Project Competition, Fairwell Program** વિગેરે તમામ એકટીવીટીઝ કરવામાં આવી હતી. જેથી વિદ્યાર્થીઓ એક સારા એન્જીનીયર બનીને બહાર નીકળે.

**ત્યારબાદ**

આજની ૭૮ મી **વાર્ષિક જનરલ મિટીંગના** એજન્ડાનું કામ હાથ પર લેવાની જાહેરાત સોસાયટીના પ્રમુખ **જનાબ મહમદ મેહમુદ ભાણા પટેલ સાહેબે** કરી,

**કાર્ય નં. ૧ :** ૭૭ મી વાર્ષિક જનરલ મિટીંગની મિનિટસ્ જે વહોરા સમાચારના **ફેબ્રુઆરી-૨૦૨૫** ના અંકમાં પ્રગટ થઈ છે તેને મંજૂરી માટે સભા સમક્ષ રજૂ કરતા તેને સૌ સભાજનોએ એકી અવાજે બહાલી આપી.

**કાર્ય નં. ૨ :** સને **૨૦૨૪-૨૦૨૫** નો સોસાયટીનો વાર્ષિક અહેવાલ સોસાયટીના ઓન. જનરલ સેક્રેટરી **જ.સઇદભાઇ દરસોત સા.** એ રજુ કર્યો. જે સૌ સભાજનોને આપવામાં આવ્યો હતો તેને સભાજનોએ સર્વાનુમતે બહાલી આપી. (જે **પેજ નંબર ૧૨-૧૩** ઉપર છપાયેલ છે.)

**કાર્ય નં. ૩ અને ૪:** સોસાયટીનો **સને ૨૦૨૪-૨૦૨૫**નો ઓડિટ થયેલ હિસાબ અને આવતા વર્ષના ૨૦૨૬-૨૦૨૭ ના માટેનું અંદાજીત બજેટ સભાજનોએ સહર્ષ મંજુર કર્યુ.

**કાર્ય નં. ૫ :** એ સિવાય બંધારણની કલમ ૧૮/૨ અનુસાર કોઈ પ્રશ્નો ના હોવાથી એજન્ડાનું કામકાજ પુરું કરવામાં આવ્યું.

ત્યારબાદ ઈનામ વિતરણના કાર્યક્રમને હાથ ધરવામાં આવ્યો. શૈક્ષણિક ક્ષેત્રે તેજસ્વી વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર (પ્રોત્સાહન ઇનામ), પ્રસંશાપત્ર અને મેડલ આપી કૌમના અન્ય વિદ્યાર્થીઓને પણ પ્રોત્સાહન મળે એ આશયથી નીચે મુજબના મેડલો અને પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા.

**ઈનામ વિતરણ:-**

## ડૉ.એમ. ઇ. કાઝી મેડલ તથા સન્માન પત્ર

**(કાર્યાલયમાં મળેલા રીઝલ્ટ મૂજબ કુલ ૧૪૦ વિધાર્થીઓમાંથી)**

S.S.C. માં વહોરા વિધાર્થીઓમાં સૌથી વધુ માર્કસ મેળવનાર

**(૧) સાએમા ઇબ્રાહીમ આમલીવાલા – શાહ – ૯૭.૮૩ %** (વેલ્ફેર હાઇસ્કુલ, નાનીનરોલી)

આ ઇનામ **જ. હાજી મહમદ કાસીમ સબાત સા.– યુ. કે.** હસ્તે આપવામાં આવ્યું હતું.

## મર્હુમ પ્રિ. અ. ખાલિક અમલા મેડલ તથા સન્માન પત્ર

**(કાર્યાલયમાં મળેલા રીઝલ્ટ મૂજબ કુલ ૧૪૦ વિધાર્થીઓમાંથી)**

S.S.C. માં આપણી હદ વિસ્તારમાં આવતા **મુસ્લિમ** વિધાર્થીઓમાં સૌથી વધુ માર્કસ મેળવનાર

**(૧) ઉઝમા મ.આરીફ શાહ – કોસંબા – ૯૬.૩૩ %** (હાજી એ.એમ.મોતાલા સાર્વજનિક હાઇસ્કુલ, કોસંબા)

આ ઇનામ **જ. હાજી મહમદ કાસીમ સબાત સા.– યુ. કે.** હસ્તે આપવામાં આવ્યું હતું.

## મુલ્લાં ફેમીલી-ધામરોડ મેડલ તથા સન્માન પત્ર

(કાર્યાલયમાં મળેલા રીઝલ્ટ મૂજબ કુલ ૩૯ વિધાર્થીઓમાંથી)

H.S.C (Science Stream) **માં વહોરા વિધાર્થીઓમાં સૌથી વધુ માર્કસ મેળવનાર**

**(૧) મારીયા યુસુફ સીદાત – નસીલપોર – ૯૦.૫૭ %** (શેઠ આર.જે.જે. હાઇસ્કુલ, નવસારી)

આ ઇનામ **જ. જાકીરભાઇ પટેલ સા. – કેનેડા** હસ્તે આપવામાં આવ્યું હતું.

## મર્હુમા આબેદાબહેન મહમદઅલી દરસોત - સંજાલી મેમોરીયલ રોકડ પુરસ્કાર રૂા. ૧૧ હજાર તથા સન્માન પત્ર

(કાર્યાલયમાં મળેલા રીઝલ્ટ મૂજબ કુલ ૦૨ વિધાર્થીઓમાંથી)

NEET **માં વહોરા વિધાર્થીઓમાં સૌથી વધુ માર્કસ મેળવનાર**

**(૧) આતીફા અકબર ભગત – ભરૂચ (ડુંગરી) ૭૨૦ માંથી ૪૩૫ માર્કસ** (અલીફ ઇં.મી. સ્કુલ, ભરૂચ)

આ ઇનામ **જ. મોહંમદભાઇ મહેતા સા. – કેનેડા** હસ્તે આપવામાં આવ્યું હતું.

## જીતાલી એવોર્ડ તથા સન્માન પત્ર

**(કાર્યાલયમાં મળેલા રીઝલ્ટ મૂજબ કુલ ૧૫ વિધાર્થીઓમાંથી)**

**H.S.C. Science Stream માં દાતાની શરત મૂજબ (અંગ્રેજી, ગણિત તથા વિજ્ઞાનના) વિષયોમાં વહોરા વિધાર્થીઓમાં સૌથી વધુ માર્કસ મેળવનાર**

**(૧) અમીના યાકુબ હાંસ – સીમલક – ૮૮.૩૩ % (૮૫ %)** (ધી સીમલક મુ.એજયુ.ઇન્સ્ટીટયુટ, સીમલક)

આ ઇનામ **જ. અહમદભાઇ વાવડા સા. – યુ. કે.** હસ્તે આપવામાં આવ્યું હતું.

## મર્હુમ ગુલામમહમદ ટીલી મેડલ તથા સન્માન પત્ર

**(કાર્યાલયમાં મળેલા રીઝલ્ટ મૂજબ કુલ ૪૭ વિધાર્થીઓમાંથી)**

**H.S.C. સામાન્ય પ્રવાહમાં વહોરા વિધાર્થીઓમાં સૌથી વધુ માર્કસ મેળવનાર**

**(૧) આદીલ ઇલ્યાસ રાવત – માંગરોલ – ૮૭.૫૭ %** (એસ.પી.એમ.બોયઝ હાઇસ્કુલ, માંગરોલ)

આ ઇનામ **જ. યુસુફભાઇ મેમાન સા. – યુ. કે.** હસ્તે આપવામાં આવ્યું હતું.

## મર્હુમા ફાતેમાબહેન ટીલી મેડલ તથા સન્માન પત્ર

**(કાર્યાલયમાં મળેલા રીઝલ્ટ મૂજબ કુલ ૪૭ વિધાર્થીનીઓમાંથી)**

**H.S.C. સામાન્ય પ્રવાહમાં વહોરા વિધાર્થીનીઓમાં સૌથી વધુ માર્કસ મેળવનાર**

**(૧) યુમના શબ્બીરઅહમદ વોરાજી – મોટાવરાછા – ૯૧.૭૧ %** (મદ્રેસા ઇસ્લામીયા હાઇસ્કુલ,મોટાવરાછા)

આ ઇનામ સંસ્થાના ચેરમેન **જ. સલીમભાઇ એફ. પટેલ સા. – આલીપોર** હસ્તે આપવામાં આવ્યું હતું.

**મર્હુમ મોહંમદ યુસુફ દાવજી મેડલ, રોકડ પુરસ્કાર તથા સન્માન પત્ર**

**M.B.B.S. Final પરીક્ષામાં વહોરા વિદ્યાર્થીઓમાં સૌથી વધુ માર્કસ મેળવનાર**

**સાદાબ સાજીદ રાવત – અંકલેશ્વર (કોંઢ)**

(ગર્વમેન્ટ મેડીકલ કોલેજ, અમદાવાદ)

આ ઇનામ સંસ્થાના પ્રમુખ જ. **મહમુદ મેહમુદ ભાણા પટેલ સા. – એકલેરા** હસ્તે આપવામાં આવ્યું

**મર્હુમ હાજી આદમજી હસનજી દરસોત સંજાલી રોકડ પુરસ્કાર રૂા.૧૫૦૦૦/- તથા સન્માન પત્ર**

**B.H.M.S. Final પરીક્ષામાં વહોરા વિદ્યાર્થીનીઓમાં સૌથી વધુ માર્કસ મેળવનાર**

**જેનબ મો.અબ્બાસ હાંસ – રાંદેર – ૬૬.૪૦ % (996 MARKS OUT OF 1500)**

(સી.ડી.પચ્ચીગર હોમિયોપેથીક મેડીકલ કોલેજ, સુરત)

આ ઇનામ સંસ્થાના ઓ.જન. સેક્રેટરી જ. **સઇદભાઇ દરસોત સા. – અંકલેશ્વર** હસ્તે આપવામાં આવ્યું હતું.

**મર્હુમા હફસા મોહંમદ દાવજી મેડલ, રોકડ પુરસ્કાર તથા સન્માન પત્ર**

**Bachelor of Engineering Final પરીક્ષામાં વહોરા વિદ્યાર્થીઓમાં સૌથી વધુ માર્કસ મેળવનાર**

**કાસીમ ઇસ્માઇલ છોટા – ચીચપાડા – 8.34 CGPA**

(સાર્વજનિક કોલેજ ઓફ એન્જીનીયરીંગ, સુરત )

આ ઇનામ સંસ્થાના ટ્રેઝરર જ. **ઇકબાલભાઇ ઉનીચા સા. – નવસારી** હસ્તે આપવામાં આવ્યું

**S.S.C માં ૮૫ % થી વધુ માર્કસ મેળવનારને સોસાયટી તરફથી પ્રોત્સાહન ઇનામ (રોકડ પુરસ્કાર) તથા પ્રસંશા પત્ર**

(૨) **સાલેહા સુલેમાન નાના – સીમલક – ૯૫.૩૩ %** (ધી સીમલક મુસ્લિમ એજયુકેશન ઇન્સ્ટીટયુટ, સીમલક)
(૩) **સફુરા ઇસ્માઇલ ભામ – રાંદેર – ૯૪.૫૦ %** (એ.એ.મુલ્લા એન્ડ એમ.એ.નાના ગર્લ્સ હાઇસ્કુલ, રાંદેર)
(૪) **અફીફા મો. આરીફ ભૈયાત – કોસંબા – ૯૪.૧૬ %** (હાજી એ.એમ.મોતાલા સાર્વજનિક હાઇસ્કુલ, કોસંબા)

આ ઇનામ **યુસુફ દાવજી પટેલ સા. – યુ. કે.** હસ્તે આપવામાં આવ્યું હતું.

(૫) **ઝેબા એયુબ વડવાલા – વાલોડ – ૯૩.૬૬ %** (શ્રી એસ.જી. એન્ડ ડી.એન. પટેલ હાઇસ્કુલ, વાલોડ)
(૬) **રૂમૈસા ઇમરાન વેડછીયા – રવિદરા – ૯૪.૧૬ %** (કે.વાય.કે.મેમોરીયલ હાઇસ્કુલ, હથુરણ)
(૭) **અહમદ સીરાજ ભાણા – જીતાલી – ૯૩.૦૦ %** (પી.પી.સવાણી હાઇસ્કુલ, અંકલેશ્વર)
(૮) **મલીહા શબ્બીર હાફેજી – કઠોર – ૯૨.૩૩ %** (ડો.એ.એમ.મુલ્લાં ઇ.મી.હાઇસ્કુલ, કઠોર)

આ ઇનામ **ગુલામભાઇ મંગેરા – યુ. કે.** હસ્તે આપવામાં આવ્યું હતું.

(૯) **ઝકીયા ઇમરાન પાંડોર – માંગરોલ – ૯૨.૧૬ %** (એસ.પી.એમ. ગર્લ્સ હાઇસ્કુલ, માંગરોલ)
(૯) **મસીહા અહમદસઇદ પાંચભાયા – કોસાડી – ૯૨.૧૬ %** (સેકન્ડરી સ્કુલ, કોસાડી)

આ ઇનામ **યુસુફભાઇ પટેલ સા. સાવાવાલ – કોસંબા** હસ્તે આપવામાં આવ્યું હતું.

(૧૦) **અફીફા અ. રસીદ નોરાત – રવિદરા – ૯૨.૦૦ %** (કે.વાય.કે.મેમોરીયલ હાઇસ્કુલ, હથુરણ)
(૧૧) **અફીફા મો.હનીફ કાઝી – હથુરણ – ૯૧.૫૦ %** (કે.વાય.કે.મેમોરીયલ હાઇસ્કુલ, હથુરણ)
(૧૨) **જાસ્મીન જાબીર ભૈયાત – ખરોડ – ૯૧.૧૬ %** (ધી ખરોડ અંજુમન સાર્વજનિક હાઇસ્કુલ, ખરોડ)

આ ઇનામ **જ. રસીદભાઇ મહેતા સા. – યુ.કે.** હસ્તે આપવામાં આવ્યું હતું.

(૧૨) **શાહીના સોયબ ભુલા – કોસાડી – ૯૧.૧૬ %** (સેકન્ડરી સ્કુલ, કોસાડી)
(૧૩) **આમેના ઇલ્યાસ માંજરા – મોસાલી – ૯૧.૦૦ %** (સેકન્ડરી સ્કુલ, કોસાડી)
(૧૪) **સાજીયા સોહેલ વાડીવાલા – કોસંબા (કરંજ) – ૯૦.૫૦ %** (એ.ઇ.દાવજી ઇ.મી.સ્કુલ, કોસંબા)
(૧૫) **હનીફા કાસીમ બલેસરીયા – નવાપુર – ૯૦.૨૦ %** (ધી એન.ડી. સાર્વજનિક હાઇસ્કુલ, નવાપુર)

આ ઇનામ **જ. મોહમદભાઇ પીરભાઇ સા. – યુ.કે.** હસ્તે આપવામાં આવ્યું હતું.

(૧૬) **મરીયમ ઇસ્માઇલ ભામ – રાંદેર – ૯૨.૧૬ %** (એ.એ.મુલ્લાં એન્ડ એમ.એ.નાના ગર્લ્સ હાઇસ્કુલ, રાંદેર)
(૧૭) **આઇશા આસીફ તગારી – હથુરણ – ૯૦.૦૦ %** (કે.વાય.કે.મેમોરીયલ હાઇસ્કુલ, હથુરણ)
(૧૭) **જુવેરીયા હસનઅહમદ મેમી – સીમલક – ૯૦.૦૦ %** (ધી સીમલક મુ.એજયુ.ઇન્સ્ટીટયુટ, સીમલક)
આ ઇનામ **જ. હાજી બાબુભાઇ કાસીમ પાંચભાયા સા. – કેનેડા** હસ્તે આપવામાં આવ્યું હતું.
(૧૮) **ફાતેમા ઉમરફારૂક મમુન – કોસાડી – ૮૯.૮૩ %** (સેકન્ડરી સ્કુલ, કોસાડી)
(૧૯) **આઇશા ઇસ્માઇલ પાંચભાયા – મોસાલી – ૮૯.૩૩ %**
આ ઇનામ **જ. મોહમદ યુસુફ પટેલ સા. – યુ.કે.** હસ્તે આપવામાં આવ્યું હતું.
(૨૦) **ઉબેદ મકસુદ ભટ્ટ – સુરત – ૮૯.૮૩ %**
(૨૧) **ફહીમ ઇકબાલ નોરાત – આલુંજ – ૮૮.૩૩ %**
આ ઇનામ **જ.ફયઝલ મુહમ્મદ બાવા સા. – કોસંબા** હસ્તે આપવામાં આવ્યું હતું.
(૨૨) **અલવીરા ઇરફાન લીંબાડા – નવાગામ કરારવેલ – ૮૮.૧૬ %** (એમ.આઇ.કાઝી મેમો.હાઇસ્કુલ, દઢાલ)
(૨૩) **આલીયા ઇશાક બદાત – ધામરોડ – ૮૮.૦૦ %**
આ ઇનામ **જ. યુસુફભાઇ ઇશાક સા. – કઠોર** હસ્તે આપવામાં આવ્યું હતું.
(૨૩) **મરીયમ મોહંમદ અશરફ – રાંદેર – ૮૮.૦૦ %**
(૨૪) **રઇસા આસીફ હાંસરોડ – કરમાલી – ૮૬.૦૦ %**
(૨૫) **ફરહાના ઐયુબ હાંસ – રાંદેર – ૮૫.૦૦ %**
આ ઇનામ સંસ્થાના ચેરમેન **જ. સલીમભાઇ એફ. પટેલ સા. – આલીપોર** હસ્તે આપવામાં આવ્યું હતું.

**H.S.C (Science Stream) માં ૮૦ % થી વધુ માર્કસ મેળવનારને સોસાયટી તરફથી પ્રોત્સાહન ઇનામ (રોકડ પુરસ્કાર) તથા પ્રસંશા પત્ર**

(૨) **આલીયા અઝીઝ લુણાત – બારડોલી – ૮૮.૧૪ %** (મદ્રેસા હાઇસ્કુલ, બારડોલી)
(૩) **ફહીમા શબ્બીરઅહમદ પારખ – કઠોર – ૮૪.૫૭ %**
(૪) **સમીહાબાનું સુલેમાન ઉનીયા – ૮૦.૧૫ %** (જય અંબે ઇન્ટરનેશનલ હાઇસ્કુલ, કોસમડી)

**H.S.C (General Stream) માં ૮૫ % થી વધુ માર્કસ મેળવનાર વહોરા વિદ્યાર્થીઓને સોસાયટી તરફથી પ્રોત્સાહન ઇનામ (રોકડ પુરસ્કાર) તથા પ્રસંશા પત્ર**

(૨) **નબીલા યુનુસ પટેલ – સામરોદ – ૮૯.૪૨ %** (ડીવાઇન પબ્લીક સ્કુલ, નવસારી)
(૩) **સુમૈયા ઇસ્માઇલ બદાત – હથુરણ – ૮૮.૧૪ %** (કે.વાય.કે.મેમોરીયલ હાઇસ્કુલ, હથુરણ)
આ ઇનામ **જ. મોહંમદભાઇ મહેતા સા. – કેનેડા** હસ્તે આપવામાં આવ્યું હતું.
(૪) **ફાતમાબીબી સરફરાઝ આડીયા – બરબોધન – ૮૬.૫૩ %** (એમ.એમ.પી. હાઇસ્કુલ, રાંદેર)
(૫) **આફરીન સોએબ મીચલા – રાંદેર – ૮૫.૮૬ %** (એમ.એમ.પી. હાઇસ્કુલ, રાંદેર)
આ ઇનામ **જ. અહમદભાઇ વાવડા સા. – યુ. કે.** હસ્તે આપવામાં આવ્યું હતું.
(૬) **આલીયા અફઝલ નોરાત – આલુંજ – ૮૫.૭૧ %** (ધી સાર્વજનિક હાઇસ્કુલ, પાનોલી)
(૭) **જૈનબ યુસુફ રાવત – માંગરોલ – ૮૫.૨૮ %** (એસ.પી.એમ.ગર્લ્સ હાઇસ્કુલ, માંગરોલ)
આ ઇનામ **જ. યુસુફભાઇ મેમાન સા. – યુ.કે.** હસ્તે આપવામાં આવ્યું હતું.
(૮) **સુમૈયા અહમદસઇદ હાફેજી – રાંદેર – ૮૫.૦૬ %** (એમ.એમ.પી. હાઇસ્કુલ, રાંદેર)
આ ઇનામ **જ. અબ્બાસભાઇ હાંસ સા. – રાંદેર** હસ્તે આપવામાં આવ્યું હતું.

**પ્રાસંગિક પ્રવચન:-**

**યુ.કે.** થી પધારેલા મોંઘેરા મહેમાન અને નવી શરૂ થનાર સબાત ઇન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર સાયન્સના મુખ્ય દાતા **જનાબ મોહમદભાઇ સબાત સાહેબે** પોતાના ટુંકા પ્રવચનમાં ઇનામ મેળવનાર વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓને બિરદાવ્યા હતા તથા તેમણે સમાજમાં ઉચ્ચ શિક્ષણ ઉપર ભાર મૂકયો હતો. આવનાર સમય માટે સમાજમાં વિવિધ ક્ષેત્રોમાં ઉચ્ચ શિક્ષણ મેળવવું જ પડશે.
ત્યાર બાદ **કેનેડા** થી પધારેલા આપણી સંસ્થાના કેનેડા ખાતેના માનદ્ પ્રતિનિધી **જનાબ મોહમદભાઇ મહેતા સાહેબે** પોતાના પ્રવચનમાં સોસાયટીની કાર્યવાહી બાબતે વિસ્તૃત એનાલીસીસ કરી સોસાયટીના ભવિષ્યના કામો માટે

ફંડ મેળવવા ટહેલ નાખી પછી જણાવ્યું કે આપણે દરેક જરૂરતમંદ વિદ્યાર્થીને ૩૦ થી ૪૦ ટકા ફી આપીએ છીએ પુરી ફી આપણે આપી શકતા નથી ગયા વર્ષે સોસાયટીએ ૩,૩૩,૦૦,૦૦૦/– જેટલી સ્કોલરશીપની મદદ આપી છે. ભારતમાંથી ફક્ત ૫૦ થી ૫૫ લાખ થી વધારે રકમ આવતી નથી. મોટા ભાગની રકમ વિદેશથી આવે છે. આજે આપણા વહોરાઓના ગામોમાં મોટી બિલ્ડીંગો બની ગઇ છે, ઘરે ઘરે ગાડીયો આવી ગઇ, આપણી કૌમ સધ્ધર થઇ ગઇ છે. આપણા ૧૬૨ પ્રતિનિધીઓ તથા ટ્રસ્ટી સાહેબો મળીને દરેક ગામમાંથી રૂા. ૧–૧ લાખ ઉઘરાવી લાવે તો આશરે દોઢ કરોડની રકમ ઉઘરાવી શકાય જો આટલી રકમ આવે તો આપણે ૩૦ થી ૪૦ ટકાના બદલે ૬૦ થી ૭૦ ટકા રકમ આપી શકીએ. માટે આપણે પરદેશની મદદ પર આધાર ન રાખીને દેશમાંથી પણ વધારે રકમ મળે તો આપણે આપણા વહોરા વિદ્યાર્થીઓને વધારે સારી રકમ આપી શકીએ. આથી તમામ હાજર રહેલા સાહેબોને મારી નમ્ર વિનંતી છે કે વધુને વધુ રકમ ઉઘરાવી સોસાયટીને આપો. તેમણે જણાવ્યું હતું કે લોકોની ટીકા ટીપ્પણી તથા સોસીયલ મિડીયાની અફવાઓથી દુર રહી આપણે હંમેશા પોઝીટીવ વિચારવું જોઇએ અને સંસ્થા તથા સમાજ માટે સતત પ્રયત્નશીલ રહેવું જોઇએ. તેમણે આપ રસુલ (સ.અ.વ.) ની હદીષ દ્વારા લોકોના ભલા માટે પોતાનાથી શક્ય તેટલા પ્રયાસ કરવા જોઇએ.

**ત્યાર બાદ** સોસાયટીના પ્રમુખ સાહેબ **જનાબ મહમદ મેહમુદ ભાણા પટેલ સાહેબે** પોતાના પ્રવચનમાં સોસાયટીની પ્રવૃત્તિ વિશે માહિતી આપી હતી તથા ભવિષ્યમાં શરૂ થનાર નવી કોલેજ વિશે માહિતી આપી હતી.

અંતમાં **જનાબ યુસુફભાઇ ઇશાકજી પટેલ સાહેબે** પોતાની આભારવિધીમાં ઉપસ્થિત દેશ–પરદેશથી પધારેલ મહેમાનોનો આભાર માન્યો હતો. સાથે સોસાયટીના હોદ્દેદારો, કમિટી સભ્યો, પેટ્રન, વાઇસ પેટ્રન, લાઇફ મેમ્બરો, સોસાયટીના કર્મચારીઓ તથા એ.વાય.દાદાભાઇ ટેકનીકલ ઇન્સ્ટીટયુટના સ્ટાફગણનો આભાર માન્યો હતો.

**અને અંતમાં** મુફ્તી સોહેલ સા. (બૌધાણ) ની દુઆ સાથે અધિવેશન પૂર્ણ થયું હતું. આ અધિવેશનનું સફળ સંચાલન એ.વાય.દાદાભાઇ ટેકનીકલ ઇન્સ્ટીટયુટના ડાયરેક્ટર જ. મો. હનીફભાઇ દાલચાવલ સા. એ કર્યુ હતું.

**એ.વાય.દાદાભાઇ ટેકનીકલ કોલેજમાં મળેલ દરેક અધિવેશનનો તમામ ખર્ચ સોસાયટીના ટ્રસ્ટી મંડળ તરફથી આપવામાં આવે છે.**

**જઝાકુમુલ્લાહ**

## સોસાયટીના ૭૮ માં વાર્ષિક અધિવેશનનો મિટીંગ ખર્ચ નીચે મુજબના સાહેબો તરફથી મળેલ છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦,૦૦૦ | જ.મહમદ મહમુદ ભાણાપટેલ સા. | એકલેરા | ૫,૦૦૦ | મૌલાના સોયબ યાકુબ ભૈયાત સા. | સંજાલી |
| ૧૦,૦૦૦ | જ.યુસુફ ઇશાકજી પટેલ સા. | કોસંબા | ૫,૦૦૦ | જ. આદમભાઇ પાંચભાયા સા. | દઢાલ |
| ૧૦,૦૦૦ | જ.સલીમભાઇ એફ. પટેલ સા. | આલીપોર | ૫,૦૦૦ | જ. અનીશભાઇ દાવજી સા. | વરીયાવ |
| ૫,૦૦૦ | જ. યુસુફ જી.આઇ.મોતાલા સા. | કોસંબા | ૩,૦૦૦ | જ. મોહંમદભાઇ બદાત સા. | નાનીનરોલી |
| ૫,૦૦૦ | જ.મોહમદયુસુફ સુલેમાન ઉનીયા સા. | નવસારી | ૩,૦૦૦ | જ. શબ્બીર અહમદ પટેલ સા. | ઉમરવાડા |
| ૫,૦૦૦ | જ. અ.સમદભાઇ અમેજી સા. | ઇટાળવા | ૩,૦૦૦ | જ. મહમદ અબુબકર અશરફ સા. | રાંદેર |
| ૫,૦૦૦ | જ. સઇદભાઇ દરસોત સા. | અંકલેશ્વર | ૩,૦૦૦ | જ.મેહમુદ હૈદર વોરાજી સા. | મોટાવરાછા |
| ૫,૦૦૦ | જ. ઇલ્યાસ અ.હૈય હાંસ સા. | સીમલક | ૩,૦૦૦ | જ. આઇ.ડી. પટેલ સા. | વડોદરા |
| ૫,૦૦૦ | જ. યુસુફભાઇ જીભાઇ સા. | કોસાડી | ૨,૫૦૦ | જ. અ.રશીદ યુસુફ પટેલ સા. | બૌધાણ |
| ૫,૦૦૦ | જ. યુસુફભાઇ માયત સા. | સુરખાઇ | ૨,૦૦૦ | જ.ફીરોઝ હાસીમ મમુજી સા. | હથુરણ |
| ૫,૦૦૦ | જ. મુસાભાઇ બલેસરીયા સા. | નવાપુર | ૨,૦૦૦ | જ. મો.ઉમર અહમદ આદમ સા. | મોટાવરાછા |

## સોસાયટીના ૭૮માં વાર્ષિક અધિવેશન પ્રસંગે સંસ્થાને મળેલ દાનની વિગત

- જ. ઇમ્તીયાઝ ઇસ્માઇલ મુલ્લા સા.ઉમરવાડા હાલ સા.આફ્રીકા તરફથી રૂા.૧,૦૦,૦૦૦/- સોસાયટીના ઝકાતફંડમાં જ.મોહમદભાઇ પારેખ સા. ઉમરવાડા હસ્તે મળ્યા છે.
- જ. હાજી બાબુભાઇ કાસીમ પાંચભાયા સા. બૌધાણ હાલ કેનેડા તરફથી રૂા.૧૦,૦૦૦/- સોસાયટીના ઝકાતફંડમાં મળ્યા છે.
- જ.મોહમદભાઇ પીરભાઇ સા. બારડોલી હાલ યુ.કે. તરફથી રૂા.૫,૦૦૦/- સોસાયટીના ઝકાતફંડમાં મળ્યા છે.

**અલ્લાહપાક મદદ આપનાર - અપાવનાર સર્વેને બહેતરીન બદલો બન્ને જહાનમાં આપે.આમીન.**

# સોસાયટીનો ૭૮ મો વાર્ષિક અહેવાલ

**અસ્સલામુ અલયકુમ (વ.વ.)**

દેશ પરદેશથી પધારેલા મહેમાનો, સોસાયટીના હિતેચ્છુઓ, સખી દાતાઓ, લાઇફ મેમ્બરો,પેટ્રન,વાઇસ પેટ્રન, પ્રતિનિધીઓ, કાર્યકર્તાઓ અને તમામ મિત્રો.

આપણી માય એ નાઝ એક માત્ર શૈક્ષણિક સંસ્થા ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી, સુરતનો **૭૮** મો વાર્ષિક અહેવાલ આપ સમક્ષ રજુ કરતા ઘણી ખુશી અનુભવી રહયા છીએ.

આપણી વહોરા સોસાયટી સતત **૭૮** વર્ષથી શૈક્ષણિક તથા સામાજીક ક્ષેત્રે કૌમના ગરીબ વિધાર્થીઓ, બેવાબહેનો, જરૂરતમંદ દર્દીઓને મદદ કરી રહી છે. જે દેશ-પરદેશમાં વસ્તા આપણા કાર્યકરો, શુભેચ્છકો, પ્રતિનિધીઓ, સંચાલકો અને આપ સાહેબ જેવા સખીદાતાઓના આભારી છીએ. સોસાયટીએ ગયા વર્ષે **(૨૦૨૪-૨૦૨૫) કુલ ૩૪૫૦** લાભાર્થીઓને **રૂા. ૩,૩૩,૭૨,૩૮૦/-** ની માતબર રકમની મદદ આપી છે.અલ્હમ્દુલિલ્લાહ. **જેની સંક્ષિપ્ત ઝલક નીચે મૂજબ છે.**

## આપણી સોસાયટીની પ્રવૃત્તિઓની ઝલક

**હાયર એજ્યુકેશન:-** આપણી સોસાયટીના કાર્યકર્તાઓ હાયર એજયુકેશનમાં અભ્યાસ કરતા વિધાર્થીઓને પુરતી મદદ કરવા માટે પ્રયત્નશીલ છે, જેથી આપણી કૌમના વિધાર્થીઓ દેશ-પરદેશ, સમાજ, ગામ અને સંસ્થાનું નામ રોશન કરી પોતાના પરિવાર, કુટુંબ તથા સમાજને મદદરૂપ થઇ શકે, પરંતુ આપણે આ ક્ષેત્રમાં કોલેજ ફીના ૫૦ ટકા સુધીની જ મદદ કરી શકયા છે. જેથી આ તકે સખી દાતાઓને વિનંતી કરીએ છીએ કે આપની ખૈરાતનો વધુમાં વધુ હિસ્સો સોસાયટીને આપી-અપાવશો કે જેથી હાયર એજ્યુકેશનમાં પૂરતી મદદ કરી શકાય. **ગયા વર્ષે સોસાયટીએ**

**M.D., M.B.B.S.** માં **૧૭** વિધાર્થીઓને **રૂા.૧ લાખ** ની મર્યાદામાં

**U.P.S.C.** માં **૦૧** વહોરા વિધાર્થીનીને રૂા. **૨ લાખ** ની મર્યાદામાં

**B.D.S.,B.H.M.S.,B.A.M.S., B.U.M.S.** માં **૩૪** વિધાર્થીઓને **રૂા.૭૦ હજાર** ની મર્યાદામાં

**B.Phisio** માં **૧૩** વિધાર્થીઓને **રૂા.૭૦ હજાર** ની મર્યાદામાં

**M.Pharm,B.Pharm** માં **૩૨** વિધાર્થીઓને **રૂા.૭૦** હજારની મર્યાદામાં

**M.E.,B.E.** અને **M.Tech, B.Tech** માં **૨૨** વિધાર્થીઓને **રૂા.૭૦ હજાર** ની મર્યાદામાં

**Dip. Engg.** માં **૧૭૦** વિધાર્થીઓને **રૂા. ૩૫ થી ૫૦ હજાર** ની મર્યાદામાં

**B.Sc. Nursing** માં **૨૯** વિધાર્થીઓને **રૂા.૭૦ હજાર**ની મર્યાદામાં તથા **Nursing** માં **૧૧** વિધાર્થીઓને **રૂા.૩૫ થી ૫૦ હજાર**ની મર્યાદામાં

**M.Sc.** માં **૧૩** વિધાર્થીઓને **રૂા.૪૦ હજાર** ની મર્યાદામાં

**B.Sc., B.Sc. Micro, B.Sc. Bio Tech** માં **૧૩** વિધાર્થીઓને **રૂા.૩૦ હજાર** ની મર્યાદામાં

**B.B.A., B.C.A., M.B.A., M.C.A.** માં **૫૨** વિધાર્થીઓને **રૂા.૩૦ હજાર** ની મર્યાદામાં

**B.com, M.com,B.A.,M.A.,** માં **૫૬** વિધાર્થીઓને **રૂા.૨૦ હજાર** ની મર્યાદામાં

**B.ed** માં **૧૨** વિધાર્થીઓને **રૂા. ૨૦ હજાર** ની મર્યાદામાં

**fire Sefty, Dialisis Tech.,O.T. Tech, Lab Tech, Cardiology** માં **૦૫** વિધાર્થીઓને **રૂા. ૨૦ હજાર** ની મર્યાદામાં

ધોરણ **11,12 Science** માં **૮૦** વિધાર્થીઓને **રૂા.૩૦ હજાર** ની મર્યાદામાં મદદ કરી હતી.

**આમ હા. સેકન્ડરી** માં **૨૪૨** વિધાર્થીઓને **રૂા. ૨૬,૩૪,૭૫૦/-** ની સ્કોલરશીપ આપવામાં આવી હતી.

તથા **કોલેજ તથા હાયર એજ્યુકેશન** માં અભ્યાસ કરતા **૫૭૪** વિદ્યાર્થીઓને **રૂા.૧,૬૫,૬૫,૧૫૦/-** ની સ્કોલરશીપની મદદ કરી હતી.

એ સિવાય આપણી સોસાયટી દ્વારા **ધો.૧ થી ૮ (પ્રાથમિક વિભાગ)** માં ગયા વર્ષે **૧૧૨૬** વિદ્યાર્થીઓને **રૂા.૩૦,૭૮,૮૫૦/-** ની મદદ તથા **હાઇસ્કુલ વિભાગ** માં **૩૨૭** વિદ્યાર્થીઓને **રૂા.૧૬,૫૦,૦૫૦/-** ની મદદ અને ટેકનીકલ કોર્ષમાં **૦૯** વિદ્યાર્થીઓને **રૂા.૮૪,૦૦૦** ની મદદ તથા દિનિયાત વિભાગમાં **૧૩** વિદ્યાર્થીને **રૂા.૨૫,૦૦૦/-** ની મદદ કરવામાં આવી હતી.

**હાજી ઇસ્માઇલ બદાત તબિબિ સહાય:-** આપણી કૌમના ગરીબ બીમાર લોકો જે પૈસાના અભાવે તબિબિ સારવારથી વંચીત ન રહી જાય તે માટે સોસાયટીએ નકકી કરેલ હોસ્પિટલમાં દવાનું બિલ ચુકવીને તથા ગંભીર બિમારીઓ જેવી કે કેન્સર, બાયપાસ (હૃદય) વાલ્વ વિગેરેમાં દર્દી દીઠ **રૂા.૨૫,૦૦૦/-** ની મર્યાદામાં મદદ કરે છે. ગયા વર્ષે તબિબિ સહાયમાં **કુલ ૨૧** દર્દીઓને **રૂા.૨,૩૦,૫૮૦/-** ની સહાય કરવામાં આવી છે.

**અહમદ બિલાખડી લહેર વિધવા સહાય:-** આપણી કૌમની નિરાધાર, ગરીબ બેવાબહેનોને સોસાયટી તરફથી ગયા વર્ષે વાર્ષિક **રૂા.૮૦૦૦/-** લેખે **કુલ ૧૧૩૮** વિધવા બહેનોને **રૂા. ૯૧,૦૪,૦૦૦/-** ની મદદ કરવામાં આવી હતી.આમ ગયા વર્ષે સોસાયટી તરફથી **કુલ ૩૪૫૦/-** લાભાર્થીઓને વિવિધક્ષેત્રે **રૂા.૩,૩૩,૭૨,૩૮૦/-** ની મદદ આપવામાં આવી છે.

**અન્ય પ્રવૃત્તિઓ:-** સોસાયટી શૈક્ષણિકક્ષેત્રે ધો.૧૦,૧૨ ના તેજસ્વી વિદ્યાર્થીઓને મેડલ, સર્ટીફીકેટ અને રોકડ પુરસ્કાર આપીને પ્રોત્સાહીત કરે છે.

**વહોરા સમાચાર :-** કૌમના આ મુખપત્ર દ્વારા આપણી સંસ્થાની પ્રવૃત્તિઓ અને પ્રગતિથી આપણો સમાજ વાકેફ થાય એ આશયથી આ પેપર શરૂ કરવામાં આવ્યુ હતુ. આપણું આ મુખપત્ર કૌમના ઘરે ઘરે પહોંચે અને વંચાય એવા પ્રયત્નો આપણે સૌએ કરવા જોઇએ. ચાલુ વર્ષથી સમયની સાથે સાથે દરેક લાઇફ મેમ્બર તથા ગ્રાહકો જેમના વોટસએપ નંબર છે તેમને પી.ડી.એફ.થી વહોરા સમાચાર મોકલવામાં આવે છે. અહી ઉપસ્થિત તમામ સાહેબોને વિનંતી કરવામાં આવે છે કે વહોરા સમાચારની વેબસાઇટ **www.vohratimes.org** ઉપર જઇ વહોરા સમાચાર પેપર વાંચી શકો છો.

**સંચાલન:-** આપણી સોસાયટી એસ.એમ.બદાત સ્કુલ, એમ.ઇ.ગંગાત મેમોરીયલ હોસ્ટેલ અને આઇ.કે.બલેસરીયા (પાલાવાલા) હોસ્ટેલ કોંઢ, અલ-ફલાહ ગર્લ્સ હોસ્ટેલ-ખોલવડ અને એ.વાય.દાદાભાઇ ટેકનીકલ ઇન્સ્ટીટયુટ કોસંબાનું સંચાલન કરે છે.

**શીફા માટે દુઆ :-** આપણી સોસાયટીના દેશ-પરદેશમાં વસ્તા નામી-અનામી હિતેચ્છુઓ, હમદર્દો તથા મોહસીનો જેઓ બીમાર છે તેમની કામીલ શીફા માટે ખાસ દુઆ કરવા સમગ્ર સભાજનોને નમ્ર ગુજારીશ છે.

**ઇન્તેકાલે પુરમલાલ:-** સોસાયટીના દેશ-વિદેશના હિતેચ્છુઓ, હમદર્દો, સખીદાતાઓ, કાર્યકરો જેઓનો ચાલુ વર્ષ દરમ્યાન ઇન્તેકાલ થઇ ગયો છે તે સર્વે નામી - અનામી મર્હુમોને અલ્લાહપાક ગરીકે રહેમત કરે અને જન્નતુલ ફિરદૌસમાં આલા મુકામ અતા ફરમાવે. આમીન.

**અને અંતમાં:-** સોસાયટીના કાર્યમાં મને માર્ગદર્શન પુરૂ પાડી હિમ્મત અફઝાઇ કરનારા મારા તમામ સહ કાર્યકરો સોસાયટીના વિશાળ બજેટને પહોંચી વળવા આપણા દેશ તથા પરદેશ ખાતે કેનેડા, ઇંગ્લેન્ડ, અમેરીકા, સા.આફ્રિકા, ઓસ્ટ્રેલીયા, પનામા, જર્મની, પેરીસ,બાર્બાડોઝ,ઝામ્બીયા વિગેરે દેશમાં વસ્તા આપણા ભાઇઓ,નામીઅનામી દાતાઓ,શુભેચ્છકો,માનદ્ કાર્યકરો, સોસાયટીના ટ્રસ્ટી સાહેબો, પ્રતિનિધી સાહેબો, કર્તવ્યનિષ્ઠ કર્મચારીઓ, સોસાયટી સંચાલિત તમામ સંસ્થાઓના કર્મચારી મિત્રો અને સ્થાનિક કમિટીના સભ્યો સહિત તમામ સાહેબોનો શુક્રીયાહ અદા કરૂં છું અને ઉમ્મીદ રાખુ છું કે કૌમની માય એ નાઝ આપણી આ વહોરા સોસાયટીની પ્રવૃત્તિમાં હંમેશા આપ સાહેબોનો સાથ -સહકાર મળતો રહેશે.

**જઝાકુમુલ્લાહ.**

# A.Y. DADABHAI TECHNICAL INSTITUTE, KOSAMBA

Managed By : The Suratee Sunni Vohra Muslim Education Society, Surat.

## COMPUTER ENGINEERING DEPARTMENT

## DEPARTMENT TOPPERS

### 5th SEMESTER (DEC.-2025) BATCH 2023

RANK 1st | SPI 9.81



MASTER FATIMA SIRAJ

RANK 1st | SPI 9.81



YADAV PALLAVI AMIT

RANK 2nd | SPI 9.62



KOLIA SANA ABDUSSAMAD

RANK 2nd | SPI 9.62



VARU KRUPA MAHESHBHAI

RANK 3rd | SPI 9.43



AGRE ARTH RAMU

RANK 3rd | SPI 9.43



'ATHAN SHABNAMBAN SOKATKHAN

RANK 3rd | SPI 9.43



SALLU AHMED FAIYAZAHMED

RANK 3rd | SPI 9.43



SHAH NAZIMA ILYAS

## ELECTRICAL ENGINEERING DEPARTMENT

## DEPARTMENT TOPPERS

### 5th SEMESTER (DEC.-2025) BATCH 2023

RANK 1st | SPI 9.42



CHOKSI AHMAD ANAS

RANK 1st | SPI 9.42



PATEL MOHAMMADANISH IMRAN

RANK 2nd | SPI 9.05



PATEL MOHAMADTAIYIB MUSTAK

RANK 3rd | SPI 9.00



KHWAJA NASIR ZAKIRHUSAIN

# A.Y. DADABHAI TECHNICAL INSTITUTE, KOSAMBA

Managed By : The Suratee Sunni Vohra Muslim Education Society, Surat.

## MECHANICAL ENGINEERING DEPARTMENT

## DEPARTMENT TOPPERS

**5th SEMESTER (DEC.-2025) BATCH 2023**



RANK 1st — SPI 9.15

**VASAVA ROHIT MAHESHBHA**



RANK 2nd — SPI 9.10

**SHAIKH TANZIL IDRISH**



RANK 3rd — SPI 8.95

**VASAVA KRISHNAKUMAR JESALBHAI**

## CIVIL ENGINEERING DEPARTMENT

## DEPARTMENT TOPPERS

**5th SEMESTER (DEC.-2025) BATCH 2023**



RANK 1st — SPI 8.05

**RABARI RAMESH RATANLAL**



RANK 2nd — SPI 7.95

**RANGREJ MOHMMAD MAHIR BILAL**



RANK 3rd — SPI 6.20

**ANSARI M. TALHA SIRAJ**

## એ. વાય. દાદાભાઇ ટેકનીકલ ઇન્સ્ટીટ્યુટ, કોસંબામાં વિવિધ પ્રોગ્રામો

### નેક્સ્ટ - જન ઇન્ડસ્ટ્રિયલ ઓટોમેશન એન્ડ કન્ટ્રોલ સિસ્ટમ વિષયક ટ્રેનિંગ વર્કશોપ





એ.વાય. દાદાભાઇ ટેકનીકલ ઇન્સ્ટીટયુટ (પોલીટેકનિક), કોસંબાના ઇલેકટ્રીકલ એન્જિનિયરિંગ વિભાગ દ્વારા **તારીખ ૧૮ ડિસેમ્બર-૨૦૨૫ થી ૨૯ ડિસેમ્બર ૨૦૨૫** દરમ્યાન "Next-Gen Industrial Automation and Control System for Smart Manufacturing" વિષય પર ૩૦ કલાકની ટ્રેનિંગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ISTE Students Chapter હેઠળ ઓયજિત કરવામાં આવ્યો હતો અને તેને The Institution of Engineers (India), South Gujarat Local Centre, Surat તરફથી સહયોગ મળ્યો હતો.

આ વર્કશોપનું સંચાલન **શ્રી સદવિધ્યા મંડળ ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી** (SVMIT), ભરૂચ ના અનુભવી નિષ્ણાત અધ્યાપકો **શ્રી ચિરાયુ આર. પટેલ, શ્રી અભિષેક પી. મહેતા** અને **ડૉ.પાયલ પી. પટેલ** દ્વારા કરવામાં આવ્યું હતું. તાલીમ દરમ્યાન **ઇન્ડસ્ટ્રિયલ ઓટોમેશન, PLC સિસ્ટમ્સ, PLC પ્રોગ્રામિંગ** અને **પ્રેક્ટિકલ ઇન્ડસ્ટ્રિયલ ઓપ્લિકેશન્સ** પર વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો, જેથી ભાગ લેનારને આધુનિક કન્ટ્રોલ સિસ્ટમ્સ અંગે હેન્ડ્સ - ઓન અનુભવ પ્રાપ્ત થયો.

આ કાર્યક્રમ અંતર્ગત **તારીખ ૨૪ ડિસેમ્બર ૨૦૨૫** ના રોજ **એક દિવસીય વિશેષ ગેસ્ટ સેશન**નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેશનમાં **શ્રી. કે.ડી.પંચાલ** (ચેરમેન, IEI સાઉથ ગુજરાત લોકલ સેન્ટર) તથા **શ્રી હિમાંશુ ભટ્ટ** (સેક્રેટરી, IEI) ઉપસ્થિત રહયા હતા. તેમણે **પ્રોફેશનલ બોડીઝની ભૂમિકા, સ્કિલ ડેવલપમેન્ટ** અને કારકિર્દી તકો વિષે માર્ગદર્શન આપ્યું હતું.

આ ટ્રેનિંગ વર્કશોપમાં કુલ **૨૦ ભાગ લેનારાઓ**, જેમાં **૧૫ વિદ્યાર્થીઓ** અને **૫ ફેકલ્ટી સભ્યો**નો સમાવેશ થાય છે, હાજર રહયા હતા. વર્કશોપની સફળ પૂર્ણાહુતિ બાદ તમામ ભાગ લેનારને **સર્ટિફિકેટ્સ** આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ દ્વારા ભાગ લેનારની **પ્રેક્ટિકલ કુશળતા** અને ઉદ્યોગ માટેની તૈયારીમાં નોંધપાત્ર વધારો થયો હતો.


**વહોરા સમાચારમાં લવાજમ મોકલવાનું ઠેકાણું**

**વહોરા સમાચાર, સુફીબાગ, રેલ્વે સ્ટેશન સામે, સુરત - ૩૯૫૦૦૩**

**એકાઉન્ટ નંબર:- ૦૭૪૩૦૨૦૦૦૦૦૧૮૫, બેંક ઓફ બરોડા, સુફીબાગ બ્રાન્ચ, સુરત-૩**

**IFSC CODE :- BARB0SUFIBA**

## એ.વાય.દાદાભાઇ ટેકનીકલ ઇન્સ્ટીટયુટ, કોસંબા ખાતે કેમ્પસ પ્લેસમેન્ટ ડ્રાઇવ




એ.વાય.દાદાભાઇ ટેકનીકલ ઇન્સ્ટીટયુટ,કોસંબા દ્વારા **તારીખ ૦૩-૦૧-૨૦૨૬**ના રોજ **ફાઇનલ યર ઇલેક્ટ્રીકલ અને મેકેનિકલ એન્જિનિયરિંગ**ના વિદ્યાર્થીઓ માટે **કેમ્પસ પ્લેસમેન્ટ ડ્રાઇવ**નું આયોજન કરવામાં આવ્યું હતું. આ માટે **એન્સા ડેકો, કોસંબા** (પી.જી.પી. ગ્લાસ, કોસંબાની સબસિડિયરી કંપની) ને આમંત્રિત કરવામાં આવી હતી. આ કેમ્પસ ઇન્ટરવ્યુમાં કુલ **૪૭ વિદ્યાર્થીઓ**એ ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆત **શ્રીમતી સ્નેહા આર. માણિક** દ્વારા સ્વાગત સંબોધન અને પરિચય સાથે થઇ હતી. ત્યારબાદ **શ્રી એમ.એસ.દિનાથ** દ્વારા **શ્રી ફિરોઝ શેખ** (Assistant General Manager, એન્સા ડેકો) નું પુષ્પગુચ્છ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

